Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-11, Issue-2(September, 2017)

IMPACT FACTOR:3.021

PP:357to362

# સામાજીક પરિપ્રેક્ષ્યમાં ગ્રામ્યતા

ડો. એમ.એમ.જગાણી

ASSISTANT PROFESSOR G.ES CL – II , GSET

રાજ્યશાસ્ત્ર વિભાગ,એમ.એન.કોલેજ – વિસનગર, જિ-મહેસાણા

ગ્રામીણ અને નગર સમુદાયો સામાજીક સંગઠનના પ્રસ્થાપિત રચના તંત્રો છે. સમાજશાસ્ત્ર સમાજનો અભ્યાસ કરે છે. વિકાસની પ્રક્રિયા એક તબક્કે તેમાં વિભેદીકરણ અને વિશેષિકરણની પ્રક્રિયા શરૂ થઈ.આ પ્રક્રિયા અવિરત પણે ચાલુ રહેવા પામી છે. આ પ્રક્રિયાના ભાગ રૂપેજ ગ્રામીણ સમાજશાસ્ત્ર નો ઉદ્દભવ વિકાસ થયો. ગ્રામિણ સમાજના સમાજશાસ્ત્રી દ્રષ્ટીએ થતા અભ્યાસને ગ્રામિણ સમાજશાસ્ત્ર તરીકે ઓળખવામાં આવ્યું છે. ગ્રામીણ સમાજ માનવ સમાજનું એક અંગ છે. એ દ્રષ્ટિએ ગ્રામીણ સમાજનો અભ્યાસ સમાજશાસ્ત્રના વિષય ક્ષેત્રમાં સમાવિષ્ટ થાય છે.પરંતું સમાજશાસ્ત્રમાં વિશેષીકરણની પ્રક્રિયા તરીકે ગ્રામીણ સમાજનો અભ્યાસ કરતું ગ્રામિણ સમાજશાસ્ત્ર સમાજમાં એક વિશેષ્ટ શાખા તરીકે વિકાસ પામ્યુ છે. આ દ્રષ્ટિએ જોતાં ગ્રામીણ સમાજના અભ્યાસમાં સમાજશાસ્ત્રના સામાન્ય સિદ્ધાંતો લાગુ પાડવામાં આવે છે. ગ્રામીણ સમાજશાસ્ત્રના વિકાસની પ્રક્રિયામાં તેનું કાર્યક્ષેત્ર ઉત્તરોતર વિસ્તરતુ ગયુ છે અને તેમાં પણ વિશેષીકરણની પ્રક્રિયા વિકાસ પામી છે. માનવ સમાજનો અભ્યાસ કરતા સમાજશાસ્ત્રનું જેમ મહત્વ છે તેમ ગ્રામીણ સમાજનો અભ્યાસ કરતા ગ્રામીણ સમાજશાસ્ત્રનું પણ મહત્વ છે. ભારતીય સમાજની મોટા ભાગની વસ્તી ગ્રામીણ છે આથી સ્વાભાવીક રીતે જ સમાજના નવ નિર્માણ માટેના કોઈ પણ કાર્યક્રમમાં ગ્રામીણ સમાજશાસ્ત્ર ઉપયોગી બની શકે છે. તેમાંય વર્તમાન સમયમાં જયારે ગ્રામીણ વિકાસ ઉપર સવિશેષ ભાર મુકવામાં આવે છે. ત્યારે ગ્રામીણ સમાજશાસ્ત્ર અગત્ય વધી જાય છે. ગ્રામીણ સમાજ શાસ્ત્ર ગ્રામીણ જીવન અભ્યાસ કરતુ વિજ્ઞાન છે.જે વિસ્તારમાં વસવાટ કરતી વસ્તીનું કાદ અને ઘનતા ઓછી હોય અને મોટા ભાગની વસ્તી કૃષિ વ્યવસાય સાથે સંકળાયેલી હોય તેવા વિસ્તારને ગ્રામીણ વિસ્તાર કહેવાય. ગ્રામીણ સમાજશાસ્ત્ર આવા ગ્રામીણ વિસ્તારોમાં વસવાટ કરતા

લોકોના જીવનનો અભ્યાસ કરે છે. વસ્તીનું નાનું કાદ ઓછી ઘનતા અને કૃષિ વ્યવસાય ગ્રામીણ સમાજની મહત્વની લક્ષાણીકતા છે. આ લક્ષાણીકતા કેટલાક સામાજીક પરીણામો નીપજાવે છે. જેમ કે સાદૃ શ્રમ વિભાજન સામાજીક જીવનમાં એક વિધતા ઓછી ગતિશીલતા ગ્રામીણ સબંધો વગેરે વસ્તીનું નાનુ કાદ, કૃષિ વ્યસાય અને ઓછી ઘનતાના પરીણામો છે.

પ્રો. ચિતામ્બર નોંધે છે તેમ ગ્રામીણ સમતશાસ્ત્ર ગ્રામીણ ક્ષેત્રોમાં વસવાટ કરતા માનવીના અભ્યાસ સાથે સંકળાયેલું છે. માનવ વસવાટનો ગ્રામીણ વિસ્તાર અને તેના પરીણામો ગ્રામીણ સમાજશાસ્ત્રનું કાર્યક્ષેત્ર છે આમ ગ્રામીણ સમાજશાસ્ત્ર એ સમાજ શાસ્ત્રનીજ એક શાખા છે. તે એક સામાજિક વિજ્ઞાન છે.તેમજ વૈજ્ઞાનીક પધ્ધતિઓનો ઉપયોગ કરે છે તે એક વસ્તુ લક્ષી વિજ્ઞાન છે. તેમજ બહુ વિદ્યાકીય વિજ્ઞાન પણ છે. તેનો અભ્યાસ અર્થશાસ્ત્ર, સામાજિક માનવશાસ્ત્ર વગેરે સામાજિક વિજ્ઞાનો દ્વારા પણ થાય છે. આ બધા સામાજિક વિજ્ઞાનો તેમન આગવા સામાજિક રચના તંત્ર અને પરિવર્તનને સમજવા આ વિભિન્ન સામાજિક વિજ્ઞાનો ના દ્રષ્ટિબિંદુથી થયેલા અભ્યાશો ને લક્ષ્યમાં લે છે. આ રીતે ગ્રામીણ સમાજશાસ્ત્ર બહુ વિદ્યાકીય વિજ્ઞાન બની રહે છે. બીજી રીતે કહીએ તો ગ્રામીણ સમાજશાસ્ત્ર ગ્રામીણ જીવનના અભ્યાસમાં આંતરરાષ્ટ્રીય અભિગમ અપનાવે છે. અમ ગ્રામીણ સમાજશાસ્ત્ર શુદ્ધ અને વ્યવહાર લક્ષી વિજ્ઞાન છે. તે ગ્રામીણ જીવન અને પ્રક્રિયા અંગેના ખ્યાલોનો ઘડતર કરે છે. પધ્ધતીશાસ્ત્ર વિકસાવે છે, અને સિદ્ધાંતો શોધે છે. વ્યવહાર લક્ષી વિજ્ઞાન તરીકે ગ્રામીણ સમાજ ગરીબી શોષણ,બેરોજગારી, અસમાનતા, ગ્રામીણ અશાંતિ વગેરે સમસ્યાઓ ના નિવારણ ના ઉપાયો સૂચવે છે. આમ તે માનવતાવાદી અભિગમ અપનાવે છે. અને સરકાર સામાજિક કાર્યકરો,સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ લોકોમાં સામાજિક જાગૃતિ વિકસાવવાનો પ્રયત્ન કરે છે.

ડૉ. અક્ષય દેસાઈ “ ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્રનો પરિચય” નામનું અંગ્રેજી પુસ્તક ઈ.સ.૧૯૪૯ માં પ્રસ્તુત કર્યું હતું. તેમાં તેમને ગ્રામીણ સમાજશાસ્ત્રના કાર્યક્ષેત્રનું વિવરણ કર્યું છે. ત્યાર બાદ તેઓએ ગ્રામીણ સમાજ શાસ્ત્રના ક્ષેત્રમા ભારતમાં થયેલ વિવિધ અભ્યાસોને આવરી લઈને ભારતના સંદર્ભમાં થયેલ વિવિધ અભ્યાસો આવરી લઈને ભારતના સંદર્ભમાં ગ્રામીણ સમાજ શાસ્ત્ર ઉપરનો દળદાર સંપાદિત ગ્રંથ “ રૂરલ સોસ્યોલોજી ઇન ઇન્ડિયા” પ્રસિદ્ધ કર્યો છે. આ ગ્રંથમાં તેમણે ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં વાસ્તવમાં કયા-કયા છે. અભ્યાસના પ્રશ્નોનો સમાવેશ થાય છે. તેનું નિરૂપણ કરવા પ્રયાસ કર્યો છે. આ ઉપરાંત પ્રો.ચિતામ્બરે ગ્રસમાજ શસ્ત્રનો પરિચયાત્મક ગ્રંથ “ઇટ્રોડક્સન રૂરલ સોશિયોલોજી” ૧૯૭૩ માં પ્રસિદ્ધ કર્યો છે. આ ગ્રંથમાં પણ ગ્રામીણ સમાજ શાસ્ત્રના કાર્યક્ષેત્રનુ પરિચયાત્મક આલેખન કર્યું છે. એ બંને ગ્રંથોના આધારે ભારતના ગ્રામીણ સમાજશાસ્ત્રનું કાર્યક્ષેત્ર નક્કી થઇ શકે છે. જેના ગ્રામીણ સમુદાય ગ્રામીણ અને નાગરિક

જીવનની વિભિન્નતા ગ્રામીણ રચના તંત્ર, ગ્રામીણ સામાજિક સંસ્થાઓ, ગ્રામીણ સામાજિક  સ્તરીકરણ, સમુદાય વિકાસ યોજનાઓ પંચાયતી રાજ, સહકાર અને ગ્રામોધોગ, ભૂમિ સુધારણા અનેભૂદાન ચળવળ ગ્રામીણ અશાંતી ગ્રામિણ સમસ્યાઓ, ગ્રામિણ પરિવર્તન, વગેરે બાબતોનો અભ્યાસ થઈ શકે છે.

ગ્રામીણ સમાજમાં આવતા પરિવર્તનનો અભ્યાસ કરવા માટે તે ખુબ જ ઉપયોગી છે. આ પ્રકારના અભ્યાસમાં ગ્રામીણ પરિવર્તનમાં સહાયક અને અવરોધક પરિબળોનું સ્વરૂપ, વ્યાપ તથા તેની અસર તપાસે છે. ગ્રામીણ સમાજમાં આવતા પરિવર્તનો દિશા કેવી છે અને એ પ્રત્યે ગ્રામ જનોના પ્રસતિભાવો કેવા છે તે પણ તપાસે છે. ગ્રામીણ પરિવર્તનને લગતા અભ્યાસોમાં ગ્રામીણ સમાજશાસ્ત્ર વિભિન્ન સંસ્થાઓમાં આવતા પરિવર્તનો ઉપરાંત નેતૃત્વમાં આવતા પરિવર્તનનો પણ અભ્યાસ કરે છે.

આમ, ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્રનું કાર્યક્ષેત્ર વ્યાપક છે. જેમ જેમ નવા પરિબળો અને પ્રક્રિયાઓ વિકસતા જાય છે તેમ તેમ ભારતમાં ગ્રામીણ સમજ્ષાસ્ટ્રાણૂ કાર્યક્ષેત્ર વધુને વધુ વિસ્તૃત બનતું જાય છે. કૃષિનું યાંત્રિકારણ, ગ્રામ વીજળી કારણ, ડેરી ઉદ્યોગ, સ્વૈચ્છીક સંસ્થાઓ, વગેરે નવા પરિબળો અને પ્રક્રિયાઓ જેવા કે સંચાર, વૈશ્વિકરણનો વિકાસ, ગ્રંસમાજશાસ્ત્રને કાર્યક્ષેત્ર વધુ વિસ્તૃત બનાવે છે.

ગ્રામીણ સમાજ માં જ્ઞાતિ વ્યવસ્થા સામાજિક વિભેદન અને સામાજિક અંતરનો પાયો રચે છે એજ રીતે જ્ઞાતિ અને કૃષિ વ્યવસ્થા સત્તાની ઢબમાં નિર્ણાયક ભાગ ભજવે છે. સ્વાધીન ભારતમાં ગ્રામીણ ક્ષેત્રે વિકસેલા નવા પરિબળોમાં સમુદાય વિકાસ યોજના મહત્વનુ પરિબળ છે. જેથી ગ્રામીણ સમાજ ઉપર સર્વાંગી અસર ઉપજાવે છે. સ્વતંત્ર ભારતમાં ગ્રામીણ સમાજના સર્વાંગી વિકાશ માટે તથા સામાજિક વિકાસ માં ગ્રામ્ય જનોની સહભાગીદારી સકયા બનાવવા પંચાયતી રાજ્ય અમલમાં મૂકવામાં આવ્યું છે. ગ્રામીણ સમાજશાસ્ત્ર પંચાયતી રાજના માળખાનું સમાજશાસ્ત્રીય વિસ્લેસન કરી તેની કામગીરી અને અસર તપાસે છે. બ્રિટિસ અમલ દરમ્યાન ગ્રામીણ અશાંતિના બીજ રોપયા હતા. ખાસ કરીને જમીંદરી અને રૈયતવારી પ્રથાથી ગામડામાં નવા વરગોનો ઉદભવ થયો. વર્ગો વચ્ચે સામાજિક આર્થિક અંતર વધતું જવાને લીધે ગામડામાં વર્ગના પાયા ઉપર વર્ગ સંઘર્ષની સરૂઆત થઈ કિશનો અને ખેત મજૂરો પોત પોતાના હિતો સંતોષવા માટે સંગઠનો રચવા લાગ્યા અને સંગઠિત સ્વરૂપ ચળવળ સારું થઈ આવી ચળવળનો અભ્યાસ ગ્રામીણ સમાજશાસ્ત્ર માટે અગત્યનો બન્યો એજ રીતે ગામડામાં જ્ઞાતીના પાયા ઉપર સંઘર્ષ થવા લાગ્યો. ગ્રામીણ સમાજશાસ્ત્ર ગ્રામીણ સમાજની અશાંતિ અને સંઘર્ષ નું સ્વરૂપ તથા તેના પાયાના કારણો અને અસર તપાસે છે.

ગામડામાં મુખ્યત્વે કરીને અસ્પૃશ્યતા, ગરીબી, અસમાનતા, બેકરી દેવું વગેરે સમસ્યાઓનું સ્વરૂપ તેના કારણો અને પરિણામોના અભ્યાસ પણ ગ્રામીણ સમાજશાસ્ત્ર કરે છે. ગ્રામીણ સમાજની સમશયાઓ અને તેના

ઉકેલ માટે ના સરકારી તથા સ્વૈચ્છીક સંગઠનોના પ્રયાસોને લગતા અભ્યાસોએ ગ્રામીણ સમાજશાસ્ત્રમાં વ્યવહાર લક્ષી ગ્રામીણ સમાજશાસ્ત્ર જેવી શાખાના વિકાસમાં  મહત્વનો ફાળો આપ્યો છે.

માનવ સમાજ અને સંસ્કૃતિનો મૂળ આધાર ગ્રામીણ સમાજ છે . ગ્રામીણ સમાજમાંથી માનવ સંસ્કૃતિ પાંગરી છે.ગ્રામીણ સમાજ માનવ સમાજ માટે કેટલાક પાયાના કામ કરે છે. જેમ કે આજે આપણે જે અનાજ, મકાન, માટેની કાચી સામગ્રી, દૂધ અને તેની બનાવટો વગેરે વાપરીએ છીએ. તે ગ્રામીણ સમાજ પૂરો પડે છે. એજ રીતે આધુનિક સમયમાં વિકસેલી શહેરી સમાજ વ્યવસ્થામાં વસ્તીની ભારતીનો મુખ્ય આધાર ગ્રામીણ સમાજ છે. અને વિવિધ ઐતિહાસિક યુગમાં થયેલી આર્થિક સામાજિક અને સાંસ્કુતિક ઊથલ પથલોમાં ગામડાઓએ સામાજિક સલામતી અને સંસ્કૃતિ સુરક્ષાનું કાર્ય કરે છે. ભારતીય સમાજના પાયાના અંગોમા ગ્રામીણ સમાજનું મહત્વ નું સ્થાન રહેલું છે. ભારતનો ગ્રામીણ સમાજનો મુખ્ય વ્યવસાય ખેતી છે. શહેરી વસ્તીની  ખાદ્ય સામગ્રી ઉપરાંત ભૌતિક સુવિધાઓની અનેક વિધ કાચી સામગ્રી તે પૂરી પડે છે. આપનો ડેરી ઉદ્યોગ ગામડા ઉપર આધારિત છે. એજ રીતે અન્ય કાચી સામગ્રી માટે કરી શકાય ગ્રામીણ સમાજ શહેરી ઉદ્યોગો ને સલામતી પૂરી પાડવાનું, શહેરમાં વસ્તીની ભરતી કરવાનું તથા સામાજિક-આર્થિક સલામતી માટે ગ્રામીણ સમાજના અભ્યાસનું કાર્યાત્મક મહત્વ રહેલું છે.

ગામડાની ગરીબી, અસ્પૃશ્યતા, સ્થળાંતરણ, બેરોજગારી, ટેક્નોનલોજીની નીચી કક્ષા, ઓછી ઉત્પાદકતા, સામાજિક અને આર્થિક અસમાનતા, નિરક્ષરતા વગેરે સમસ્યાઓ ના અભ્યાસ માં ગ્રામીણ સમાજ શાસ્ત્ર અને આવી અન્ય સમસ્યાઓનું સ્વરૂપ તેના સામાજિક સાંસ્કુતિક-પાશ્ચભૂમિ  તેમજ તેના વ્યાપ અને કારણો તપાસે છે. આથી ગ્રામીણ સમસ્યાઓ ના નવા નિદાનાત્મક અભયાસો ગ્રામીણ સમાજ માટેના ઉપચારાત્મક પગલાં નક્કી કરવામાં સહાયક બની રહે છે.

ભારતના જુદા જુદા વિસ્તારોના ગ્રામીણ અભ્યાસોએ ભારતમાં સમાજશાસ્ત્રનું ખેડાણ કરવામાં અને વિકાસ સાધવામાં નોધપત્ર ફાળો આપ્યો છે. સમાજશાસ્ત્ર ના વિકાસના મુખ્ય ત્રણ આધાર સ્તંભો છે. એક ખ્યાલોનો વિકાસ, બીજું પધ્ધતિશાસ્ત્રનો વિકાસ અને ત્રીજું સિધ્ધાંતોનો વિકાસ, ગ્રામીણ અભ્યાસો દ્વારા ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્ર માં પ્રભાવી જ્ઞાતિ ગ્રામ સમુદાય વગેરે ખ્યાલો ઠીક ઠીક પ્રમાણમાં વિકાસ પામ્યો છે. અને તે દ્વારા ખ્યાલાત્મક માળખું બંધાયું છે. એજ રીતે ગ્રામીણ સમાજના અભ્યાસ દ્વારા ખેડાણ થવા પામ્યું છે. અને અતિહાસિક સંઘર્ષવાદી રચના કાર્યવાહી વગેરે અભિગમો દ્વારા સિધ્ધાંતોની ચકાસણી થવા પામી છે. અને તેની ઉપયુક્તા સ્પષ્ટ થઈ છે.

વૈદિક સમયથી ભારતના ગામડાઓમાં પંચાયતી સંસ્થાઓનું અસ્તિત્વનું રામાયણ અને મહાભારતમાં પણ પંચાયતની રચના અને બંધારણનો ઉલ્લેખ મળે છે. ૧૮મી સદી સુધી એક યા બીજા સ્વરૂપે ગ્રામપંચાયતો

કે ગ્રામસભાઓ અસ્તિત્વ ધરાવતી હતી અને તે ગામની પંચાયતો ગ્રામસભામાં વિશિષ્ટ સંગઠન તરીકે કાર્ય કરતી હતી. પરંતુ ભારતમાં બ્રિટિશ શાસન દરમિયાન ગ્રામપંચાયતોની રચના, કાર્ય, અને સ્વરૂપમાં પરીવર્તન આવવા લાગ્યું. બ્રિટિશ સરકારે ભૂમિ વ્યવસ્થા અને મહેસૂલી વ્યવસ્થામાં પરીવર્તન આવવા લાગ્યું. આ પરિવર્તનો સાથે મેળ બેસાડવા માટે ગ્રામપંચાયતોના સ્વરૂપમાં પણ ફેરફાર કર્યો. મદ્રાસ, મુંબઈ,અને પશ્ચિમ બંગાળ વગેરે રાજ્યોમાં પંચાયત વ્યવસ્થાને મજબૂત બનાવવામાં આવી. જો કે આ બદલાયેલા સ્વરૂપમાં પંચાયતો ગ્રામ સમુદાયના કલ્યાણનું અને ઝઘડાઓ નું નિરાકરણ લાવવાનું કાર્ય કરવાને બદલે બ્રિટિશ વહીવટી વ્યવસ્થાને મજબૂત કરવાનું કાર્ય કરવા લાગી.

આમ, પ્રાચીન સમયથી ભારતના ગ્રામસમુદાય માં સ્વશાસન ના એકમ તરીકે પંચાયતોનું અસ્તિત્વ હતું પરંતુ બ્રિટિશ અમલ દરમિયાન ધીમે ધીમે તે ક્ષીણ થઈ ગઈ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દરેક ગામ એક સંપૂર્ણ ગણ રાજી હોય તેમ ઇચ્છતા હતા. તેમના મત મુજબ સત્તાના વિકેન્દ્રીકરણ દ્વારા જ સાચી લોકશાહી સ્થાપી શકાય મહાત્મા ગાંધી ના પ્રયત્નોને કારણે ભારતના બંધારણ માં રાજનીતિના માર્ગદર્શન સિધ્ધાંતોમાં રાજયોની જવાબદારી તરીકે સ્થાનિક સ્વરાજ્યના એકમો તરીકે ગ્રામ પંચાયતોની રચના અંગે સ્પષ્ટ નિર્દેશ અપાયા આ ૭૩ માં બંધારણીય સુધારા દ્વારા ભારતના ગ્રામીણ સમુદાયોમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની રચના અંગે એક રૂપતા લાવવામાં આવી છે. આ બંધારણીય સુધારાથી ભારતમાં સમાજના સ્વરૂપનું પંચાયતી રાજ સુદ્રઢ થવા પામ્યું છે. અને તેમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા તરીકે ગ્રામ પંચાયત પાયાનું એકમ છે. ગ્રામ પંચાયતો પોતાના કાર્યક્ષેત્રમાં અસરકારક રીતે વિકાસના કામો કરી શકે તેવી સત્તાઓ જવાબદારીઓ અને ફરજો સોપવામાં આવી છે.

બળવંતરાય મહેતા કમિટીએ પંચાયતીરજ નું ત્રિસ્તરીય માળખું રચવાનું કર્યું હતું અને ત્યારથી ગ્રામ વિકાસના કાર્યોની જવાબદારી અને સત્તા પંચાયતો સંભાળે છે. પંચાયતોની આ જવાબદારી નિભાવવાની પ્રક્રિયા ને પંચાયતી રાજ તરીકે ઓળખવામાં આવે છે.

એસ.કે.ડે.ના મત મુજબ પંચાયતી રાજ એ પ્રજા ની ઉન્નતિ માટેનો રસ્તો છે. શ્રી વિદ્યાસાગર શર્માના મત મુજબ પંચાયતીરજ એક એવિ કલ્પના છે જે વિશ્વ સમક્ષ લોકશાહીનો એક નવો દ્રષ્ટિકોણ રજૂ કરે છે. જવાહરલાલ નહેરૂ એ પંચાયતીરજને "મહાન ક્રાંતિકારી પ્રયોગ" તરીકે ઓળખાવે છે. મહાત્મા ગાંધી ના મત મુજબ ગ્રામ સ્વરાજ અને પંચાયતિરજનો એમાંનો આદર્શ એ છે કે દરેક ગામ એક સંપૂર્ણ ગણરાજ્ય હોય પોતાની જરૂરિયાતો માટે તે પોતાના પડોસી ઉપર નિર્ભર ન રહે છતાં અન્ય બાબતો માટે પરસ્પર નિર્ભરતા અનિવાર્ય છે.

આમ, સત્તાનું લોકશાહી વિકેન્દ્રીકરણ કરવા સમુદાયના વિકાસ કાર્યક્રમોને પુનર્જીવિત કરવા લોકોની ભાગીદારી વધારવા તથા ગામડાઓનું નવ નિર્માણ કરવા તેમજ લોક શક્તિનું સશક્તિકરણ કરવા પંચાયતીરજ એક મહત્વનુ પ્રદાન કરી રહ્યું છે. તેના ત્રિસ્તરીય માળખા દ્વારા બંધારણીય અધિનિયમ ૧૯૯૨ ના અમલ રૂપે રાજ્યોએ પણ પંચાયત ધારાઓ ઘડીને પંચાયતી રાજનું માળખું અપનાવ્યું છે.

આમ, વિવિધ પ્રયોગો દ્વારા સામાજિક અલગતમાં ઘટાડો થયો છે. યાંત્રિક વૈજ્ઞાનિક પરિવર્તનોનો સ્વીકાર થયો છે. તેના લીધે આર્થિક પરિવર્તનો થયા છે અને રાજકીય પરિવર્તનો અને સાંસ્કુતિક પરિવર્તનો થયા છે વ્યક્તિવાદનો વિકાસ થયો છે. જેનાથી સ્વતંત્રતા વધી છે અને માનવીય મૂલ્યોનો વધારો થયો છે. જેનાથી સંસ્થાકીય પરિવર્તનો આવ્યા છે, જેની સ્થિતિમાં સુધારણા અગત્યનું સામાજિક રૂપાંતર કર્યું છે. ગ્રામ જનોને આર્થિક વિકાસ માટે વધુ સારી તક પૂરી પાડવા માટે ગ્રામીણ વિકાસ કાયક્રમોમાં લોકોની ભાગીદારી વધારવા આયોજનનું વિકેન્દ્રીકરણ કરવા ભૂમિ સુધાર કરવા તેમજ ગ્રામજનોને આર્થિક વિકાસ માટે વધુ ધિરાણ ઉપલબ્ધ બનાવવા પંચાયતી રાજ ઉપકારક પુરવાર થયું છે.

**સંદર્ભ ગ્રંથ સૂચી**

(૧) રાજ્યશાસ્ત્ર – ધોરણ -૧૧ – ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ,

વિદ્યાયન સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.

(2) Rural society in india – Desai A.R.

(3) Introductory sociology- chidambar J.B.

(4) Indian Villege – dube S.C.

(5) Human society – Kingslay Davis

(6) Society : An Introductory analysis macini & page

(7) Caste and communication in an Indian villege- Mazmudar D.N.

(8) Social chandge in Modern india- shrinivas M.N.

(૯) ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્ર – દેસાઇ એ.આર. અને દેસાઇ નીરા.

(૧૦) ગુજરાત પંચાયત ધારો- બીપીનચંદ્ર વૈષ્ણવ ( સંપાદન)